હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ઓમિક્રોન ભલે હળવો વાઈરસ છે આપણે ભાવ ઘટાડવાના નહી... જુના ભાવ હજાર રૂપિયા પ્રમાણે જ માસ્કનો દંડ લેવાનો...!!

રાજીનામાંની અટકળો વચ્ચે અસિત વોરાની મુખ્યમંત્રી સાથે શુભેચ્છા મુલાકાત..!!!

ગાંધીનગર, તા.૨૨

ગૌણ સેવા પસંદગી મંડળનું હેડ ક્લાર્કનું પેપરલીક કૌભાંડ બાદ ગાંધીનગરમાં કમલમ ખાતે આમ આદમી પાર્ટી દ્વારા આક્રમક વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું અને જેના કારણે પાર્ટીના મોટા નેતાઓ અત્યારે લોકઅપમાં બંધ છે જ્યારે બીજી તરફ આ કૌભાંડના પગલે હજારો યુવાનોના સ્વપ્ન રોળાયાં છે. સમગ્ર મામલામાં ગૌણ સેવા પસંદગી મંડળના ચેરમેન અસિત વોરા પર શંકાની સોય તણાઈ રહી હોવા સાથે યુવા આંદોલનકારી નેતા યુવરાજસિંહ જાડેજાથી માડીને આમઆદમી પાર્ટી તેમજ કોંગ્રેસ સહિત તમામ વિરોધ પ્રદર્શનકર્તાઓ તેમના રાજીનામાંની માંગ કરી રહ્યાં છે ત્યારે અસિત વોરાએ આજે મુખ્યમંત્રી સાથે મુલાકાત કરી હતી. તેમની મુલાકાતને કારણે તેઓ નૈતિકતાને ધોરણે પસ પરથી રાજીનામું આપશે તેવી અટકળો વહેતી થઈ હતી પરંતુ મુલાકાત બાદ અસિત વોરાએ જણાવ્યું કે તે માત્ર શુભેચ્છા મુલાકાત હતી ત્યારે ઉમેદવારોમાં રોષની લાગણી પ્રવર્તતી જોવા મળી રહી છે.

ગૌણ સેવા પસંદગી મંડળના વિવાદિત ચેરમેન મુખ્યમંત્રીને મળ્યાં : ચોતરફ તેમના રાજીનામાંની માંગ છતાં સરકારનું પણ ભેદી મૌન

આજે બુધવારે રાજ્ય સરકારની કેબિનેટ બેઠક ચાલુ હતી તે દરમિયાન ગૌણ સેવા પસંદગી મંડળના ચેરમેન અસિત વોરા સ્વર્ણિમ સંકુલ ખાતે જોવા મળ્યાં હતા અને તેઓ મુખ્યમંત્રી કાર્યાલયે પહોંચ્યા હતા. આ કારણે તુરંત જ સોશિયલ મીડિયા પર અસિત વોરા રાજીનામું આપશે તેવી અટકળો વહેતી થઈ હતી. પ્રાપ્ત વિગતો અનુસાર કેબિનેટ બેઠક પતાવીને મુખ્યમંત્રીએ અસિત વોરા સાથે આશરે વીસેક મિનિટની બેઠક કરી હતી જે દરમ્યાન ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી પણ તેમાં જોડાયાં હતા. આખરે બેઠક બાદ અસિત વોરા પરત ફરી રહ્યાં હતા ત્યારે પહેલાં તો તેમણે પત્રકારોના સવાલોથી બચવા પ્રયાસ કર્યો હતો પરંતુ પત્રકારોએ તેમને ઘેરી સવાલો કરતાં તેમણે જણાવ્યું કે 'તેમની મુખ્યમંત્રી સાથેની આજની મુલાકાત માત્ર શુભેચ્છા મુલાકાત હતી' અને આટલું કહીને તેઓ પોતાની કારમાં બેસીને રવાના થઈ જતાં સૌને આશ્ચર્ય થયું હતું. બીજી તરફ અસિત વોરાના રાજીનામાંની માંગ રાજ્યમાં બળવત્તર બની રહી છે અને આમ આદમી પાર્ટી તથા કૉન્ગ્રેસ દ્વારા વિવિધ પ્રકારના વિરોધ પ્રદર્શનોનું આયોજન થઈ રહ્યું છે જેમાં મહેશ સવાણી દ્વારા વોરા રાજીનામું આપે નહીં ત્યાં સુધીના ઉપવાસ આંદોલનનો પણ સમાવેશ થાય છે. સુત્રોના જણાવ્યાં અનુસાર અસિત વોરાએ મુખ્યમંત્રીને પોતે સમગ્ર કૌભાંડમાં નિર્દોષ હોવાના પુરાવા આપ્યાં હોવાની શક્યતા છે જેના કારણે તેમના પરથી રાજીનામાંની લટકતી તલવાર હાલ પુરતી ટળી છે. જોકે ભાજપ સરકાર દ્વારા પણ પેપરલીક કૌભાંડમાં અસિત વોરાના નજીકના વ્યક્તિના પ્રિન્ટિંગ પ્રેસ ખાતેથી પેપર લીક થયું હોવાના પુરાવા સાથે કૌભાંડ બહાર આવ્યાં પછી પરીક્ષા રદ કરવાની નોબત આવી હોવા છતાં અસિત વોરાને છાવરવાની નીતિ અપનાવાઈ રહી છે તે ઉમેદવારોને અકળાવી રહી છે અને સમગ્ર કૌભાંડમાં મોટા માથાઓને બચાવતું ભીનું સંકેલી લેવાશે તેવું માનવામાં આવી રહ્યું છે.

ખૂણેખાંચરેથી

- આજે ખાદ્ય ખોરાક પ્રદર્શનનો અંતિમ દિવસ હોવાથી મુલાકાતીઓ વધુ હતા તથા નવો રોડ અને રિસરફેસીંગની કામગીરીને પગલે ટ્રાફિકજામના દૃશ્યો સર્જાયા હતા.
- આજે સે. ૧૭માં સાંજના સુમારે એર પોલ્યુશન વધી જતાં રહીશોને તેમના ઘરના દ્વાર બંધ રાખવાની ફરજ પડી હતી.
- સે. ૨૨માં પ્રા. શાળાની મુલાકાતે ગયેલા શિક્ષણ વિભાગના અધિકારી બાળકોની ગણિત માટેની પ્રીતિ અને વાંચનમાં નબળાઈ જણાતા ચોંકી ઉઠ્યા હતા.
- પંચાયતોની ચૂંટણીને પગલે ગ્રામ્ય વિસ્તારમાં લાખોની શરતો લાગી હતી.
- ગાંધીનગર જિલ્લામાં ૨૨ થી ૨૬ ડિસે. દરમ્યાન મહત્તમ તાપમાન ૨૮-૨૯ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૧૧-૧૪ ડિગ્રી સે. રહેવાની સંભાવના દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન શાસ્ત્ર વિભાગ દ્વારા હવામાન-પૂર્વાનુમાનમાં વ્યક્ત કરવામાં આવી છે.
- આજે કલોલના વિવેકાનંદ ચોકમાં ભાજપ બક્ષીપંચ મોરચા દ્વારા કેરળના મુખ્યમંત્રીનું પૂતળાદહન તેમજ વિરોધ પ્રદર્શન યોજાયુ હતુ.
- દહેગામ-નરોડા હાઈવે પર અજાણ્યા વાહનચાલકની ટક્કરે વાસણા-રાઠોડ ગામના યુવકનું મોત થતાં ગામમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.
- પંચાયતોની ચૂંટણીના પરિણામ પછી દહેગામ તાલુકાના જીંડવા ગામમાં ઉભી થયેલી તંગદીલીભર્યુ વાતાવરણ હજુ સુધી શાંત ન થતાં તંત્રે તે માટેની કામગીરી હાથ ધરી છે.

રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી પુસ્તક પ્રદર્શન દ્વારા કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨૨

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના મધ્યસ્થ ગ્રંથાલયમાં રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી પુસ્તક પ્રદર્શન દ્વારા કરવામાં આવી. ભારત સરકાર દ્વારા ૨૦૧૨થી પ્રખર ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજન આયંગરના જન્મદિવસ ૨૨ ડિસેમ્બરને "રાષ્ટ્રીય ગણિત" દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો છે. આ પ્રદર્શનમાં ગણિત તથા શ્રીનિવાસ રામાનુજનના પુસ્તકો જેવા કે ગણિત રમતો, વિશ્વના મહાન ગણિતશાસ્ત્રીઓ, શ્રીનિવાસ રામાનુજન, વૈદિક અંકગણિત વગેરે જેવા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાના એમ કુલ ૧૫ પુસ્તકો ગોઠવવામાં આવ્યાં હતા. જેનો લાભ સંકુલના સૌ વિદ્યાર્થી અનેસેવક મિત્રોએ લીધો હતો. પ્રદર્શનનું આયોજન સંકુલના સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ મધ્યસ્થ ગ્રંથાલયના સેવકો દિશા દવે, કિશન પંચાલ અને જતિન સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.

સેક્ટર-૧૭ના અગ્રણી વેપારી મુકુંદભાઈ સુખડીયાનું દુઃખદ અવસાન

સેક્ટર-૧૭ના શોપિંગ સેન્ટર પર અંબિકા સ્વિટ માર્ટ વાળા મુકુંદભાઈ સુખડીયાનું ગઈકાલે ટૂંકી માંદગી બાદ અવસાન થયું છે. મુકુંદભાઈ સેક્ટર-૧૭ની નાની-મોટી તમામ પ્રવૃત્તિઓમાં હંમેશા સહયોગી રહ્યા હતા. આ ઉપરાંત સુખડીયા સમાજના સામાજિક કાર્યક્રમોમાં પણ તેમનું યોગદાન નોંધપાત્ર રહ્યું હતું. સદ્‌ગતનું બેસણું તા. ૨૩-૧૨-૨૦૨૧, ગુરુવારના રોજ બપોરે ૩ થી ૫, સોમનાથ સોસાયટી, પેથાપુર ખાતે રાખેલ છે.

સફળતા મેળવવા ખુબ પરિશ્રમ કરવો પડે છે. દિવસો અને કલાકોનો હિસાબ ન રહે તે રીતે મહેનત કરતા યુવાનો આપણી આસપાસ જ નજર કરીએ તો જોવા મળે છે. ડાન્સ કોમ્પિટિશનની તૈયારી કરતો આ યુવાન કલાકો સુધી પુનિતવનમાં પ્રેક્ટિસ કરતો જોવા મળી રહ્યો છે.

ગુજરાત સાયન્સ સિટી ખાતે રાષ્ટ્રીય ગણિત દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર નજીક સરદાર પટેલ રીંગ રોડ સ્થિત ગુજરાત સાયન્સ સિટી ખાતે ગુજકોસ્ટ, સાયન્સ સિટી અને ભારત સરકારના એનસીએસટીસી - ડીએસટી દ્વારા તા.૨૨મી ડિસેમ્બરે ગુજરાત સાયન્સ સિટી ખાતે નેશનલ મેથેમેટીક્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગાંધીનગરની પીડીઈયુના પ્રાધ્યાપક ડો. મનોજ સહાની તથા ગેલેરીઓની મુલાકાતનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે દેશભરમાં પ્રતિવર્ષ તા.૨૨મી ડિસેમ્બરના દિવસે રાષ્ટ્રીય ગણિત દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણી પ્રખર ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજનની જન્મજયંતીના માનમાં ઉજવવામાં આવે છે. આ ઉજવણીનો હેતુ ગણિતના મહત્વ વિષે જાગૃતિ લાવવા અને પ્રખર

ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજનના ગણિત ક્ષેત્રમાં યોગદાનને યાદ કરવાનો છે. ગણિત એ માનવી દ્વારા રચાયેલ મજબૂત અને અદભૂત વિષય છે. તે 'સ્ટેમ' એટલે કે વિજ્ઞાન, ટેક્નોલૉજી, એંજિનિયરિંગ અને મેથ્સના વિદ્યાર્થીઓના જ્ઞાન અને શિક્ષણનો મૂળભૂત પાયો છે.

ચિલોડા(ડ) ગ્રામ પંચાયતની ચૂંટણીમાં શ્વેતલબેન પટેલે વિજયનો ડંકો વગાડ્યો

ચિલોડા, તા. ૨૨

ગાંધીનગર તાલુકાના મોખરાનું સ્થાન ધરાવતું એકમાત્ર ચિલોડા જંકશન મથક ગણાતું ચિલોડા(ડ) ગ્રામ પંચાયતની ત્રિપાંખિયા રસાકસીભર્યા જંગ મહાસંગ્રામ ખેલાયો હતો. જેમાં સરપંચની સામાન્ય સ્ત્રીની બેઠકમાં શ્વેતલબેન જે. પટેલ, કાન્તાબેન કે. ઠાકોર અને સંગીતાબેન એમ. પટેલ વચ્ચે ખરાખરીનો ચૂંટણીખેલમાં વિજય હાંસલ કરવા એડીચોટીનું જોર લગાડ્યું હતું. ૧૯મી ડિસ.-૨૦૧૧ના રોજ યોજાયેલી આ ચૂંટણીમાં કુલ ૩૮૯૬ મતદારોની સંખ્યામાંથી ૩૧૨૧ મતદારોએ ઉત્સાહપૂર્વક મતદાન કર્યું હતું. જેમાં કુલ ૧૦ વોર્ડમાંથી વોર્ડ-૨, વોર્ડ-૭ અને વોર્ડ-૮ બિનહરીફ ઉમેદવારો બિનિહરીફ બન્યા હતા. બાકીના વોર્ડ-૧, ૩, ૪, ૫, ૬, ૯, ૧૦ એમ કુલ ૭ વોર્ડની રસાકસી જંગમાં ત્રિપાંખિયો જંગ ખેલાયો હતો. જેમાં સરપંચની રસાકસી ચૂંટણીજંગમાં એમ.એ.બી.એડ. અંગ્રેજી ઉચ્ચ શિક્ષણ ધરાવતી ૩૭ વર્ષીય શ્વેતલબેન જયમીનભાઈ પટેલ ૧૧૮૦ મત મેળવી વિજય હાંસલ કરી વિજયનો ડંકો વગાડ્યો હતો. તેમના હરીફ ઉમેદવાર સંગીતાબેન પટેલે ૬૨૦ તથા ત્રીજા હરીફ કાન્તાબેન ઠાકોરે ૧૦૬૬ મતો મેળવ્યા હતા. આમ માત્ર ૩૪ મતની લીડથી શ્વેતલબેનની જીત થઈ હતી.

જ્યારે વોર્ડ નં. ૧ માં જયંતિભાઈ સોલંકી, વોર્ડ-૩માં સુગ્નેશ પટેલ, વોર્ડ નં-૪ માં રાજુભાઈ ઠાકોર, વોર્ડ-૫ મહેશ પટેલ, વોર્ડ-૬ ઈન્દિરાબેન પટેલ, વોર્ડ-૯ જ્યોત્સનાબેન તથા વોર્ડ-૧૦માં વર્ષાબેન પટેલ ચૂંટાયા હતા. જેમાં સરપંચપદે શ્વેતલબેન જયમીનભાઈ પટેલે જણાવ્યું કે નવા સરપંચ તરીકે હું ગામના સર્વાંગિક વિકાસમાં ડમ્પીંગ સાઈટ, ગટરલાઈનથી વંચિત વિસ્તારનો સર્વે કરાવી જરૂરિયાતવાળાને ગટરની પૂરતી સગવડ અને પ્રાથમિક શિક્ષણ અંગે જરૂરી ધ્યાન કેન્દ્રિત કરવાની નેમ વ્યક્ત કરી હતી. આમ વિજય બાદ શ્વેતલબેને ગામના મતદારો, સમર્થકો, શુભેચ્છકો, ટેકેદારોના આભાર વ્યક્ત કરી અભિનંદન રેલી યોજી હતી જેમાં ગામની મહિલાઓ મોટી સંખ્યામાં જોડાઈ હતી.

સે-૨૮માં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૨

રાજયોગીની બ્રહ્માકુમારી કૈલાશ દીદીજીના અધ્યક્ષતામાં

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધ્યાલ સેક્ટર-૨૮ ગાંધીનગર ખાતે ભારતના ભૂતપૂર્વ પ્રધાન મંત્રી અટલબિહારી બાજપાયીના જન્મ જયંતીના ઉપલક્ષમાં વિશેષ નોંધનીય કાર્ય કરેલ બહેનોને અટલ પુરસ્કારથી સન્માનિત કરવા તેમજ આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત તિરંગા યાત્રાના ગાંધીનગર મહાનગર મહિલા મોરચા દ્વારા આયોજિત કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકા ના મેયરશ્રી હિતેશભાઈ મકવાણા, ડેપ્યુટી મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલ અને મહિલા કોર્પોરેટરોને સન્માનપત્ર આપી બહુમાન કરવામાં આવ્યું હતું.

ડીંગુચા પ્રા. શાળાના શિક્ષકની અનોખી પદ્ધતિ

ગાંધીનગર, તા. ૨૨

કોરોના મહામારી વચ્ચે સતત દોઢ વર્ષથી નાના બાળકોને શિક્ષણમાં ખૂબ જ તકલીફો ઉભી થાય છે. માનવીનું ઘડતર તેના શિક્ષણથી જ થાય છે. આ ઘડતરમાં તેના પાયાનું શિક્ષણ ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. ઘણા બધા બાળકો છે જેમને શાળામાં એક પણ દિવસ ગયા વગર સીધા ધોરણ-૨ માં આવી ગયા હોય અને આવા બાળકોને પાયો મજબૂત કરવા માટે ડીંગુચા પ્રાથમિક શાળાના જિજ્ઞાશાબેન પ્રજાપતિ ખૂબ જ ચિંતિત છે. સતત પ્રયત્નો કરતાં તેમણે બાળકો માટે ૧૫૦ જેટલી વિડીયો, બાળ વાર્તાઓ દ્વારા બાળકોને શિક્ષણ આપી તેમનો પાયો મજબૂત કરવા પ્રયત્નો કરી રહ્યા છે. આ બાળકો તેમનો મૂળભૂત અધિકાર શિક્ષણથી વંચિત ન રહે તે હેતુથી આ કાર્ય કરતા સમગ્ર ડીંગુચા શાળા પરિવાર તથા ગ્રામજનો ખુશીની લાગણી અનુભવી રહ્યા છે.

રાજ્યપાલશ્રીના કાર્યક્રમ યુવાઓનો સંકલ્પ શ્રેષ્ઠ ભારતના પાંચ પ્રકલ્પ અંતર્ગત પ્રાકૃતિક ખેતી તાલીમ

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમના સ્વયમસેવકો માટે ગાંધીનગર વન વિભાગના સંસોધન અને પ્રસારણ વિભાગ દ્વારા મહામહિમ રાજ્યપાલશ્રીના કાર્યક્રમ યુવાઓનો સંકલ્પ શ્રેષ્ઠ ભારતના પાંચ પ્રકલ્પ અંતર્ગત પ્રાકૃતિક ખેતી તાલીમનું આયોજન કરવામાં આવ્યું જેના ઉદ્‌ઘાટન પ્રસંગે સંસ્થાના ડીન ડૉ. જગદીશચંદ્ર સાવલિયા, ગુજરાત રાજયના વન વિભાગના એ.ડી.એમ. આર.કે. સુગુર સાહેબ, ડૉ. જગદીશચંદ્ર ગોઠી, ડૉ. નીરજ સિલાવટ અને આર.એફ.ઓ. ભાવેશભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

આ તાલીમમાં રાષ્ટ્રીય સેવા યોજના એકમના ૧૦૦ વિદ્યાર્થીઓએ હાજર રહી પ્રાકૃતિક ખેતી અને ગાય આધારિત ખેતી વિષય માહિતી પ્રાપ્ત કરી હતી અને ૧૦૦ યુવાઓ સંકલ્પ કર્યું છે કે સાદરા ગામની આજુ બાજુના ગામો જેવા કે માધવગઢ, રાજપુર, મોતીપુરા, કલ્યાણપુરા અને સાદરા ગામના ખેડૂતોને આ વિષય માહિતીગર કરશે અને રાજ્યપાલશ્રી દ્વારા નક્કી કરેલા કાર્યક્રમને ગામડાઓમાં વેગ આપશે અને સંસ્થાના વિદ્યાર્થીઓ આખા પરિસરને સંપૂર્ણ વર્ષ દરમિયાન વૃક્ષોનું જતન કરે છે અને પર્યાવરણને લગતા વિવિધ કાર્યક્રમોનું આયોજન પરિસર અને આજુબાજુના ગામોની સ્કૂલોમાં પણ કરે છે. આ સંપૂર્ણ કાર્યક્રમનું આયોજનની પાછળ સંસ્થાના ડીન ડૉ. જગદીશચંદ્ર સાવલિયા અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટની ભૂમિકા વિશેષ રહી હતી.

અશ્વિનભાઈ એ. પટેલ કોલેજમાં એનએસએસ યુનિટનો માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૨

અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના એનએસએસ યુનિટ દ્વારા આ વર્ષે પ્રવેશ મેળવેલા એફ.વાય. બીકોમના વિદ્યાર્થીઓને કોલેજની એનએસએસ યુનિટની સઘળી કામગીરી સમજવી હતી. જેમાં ટીવાયબીકોમના વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના, સમાજ ઉપયોગી કોરોના જાગૃતિ અને બાલ મજૂરી નાબૂદ કરવાના વિષય પર સ્કીટ અને નાટક પ્રસ્તુત કર્યા હતા. આ સંસ્થાના એનએસએસના પ્રોગ્રામ ઓફિસર ડૉ.રણછોડ રથવીના માર્ગદર્શન હેઠળ અધ્યાપક ડૉ.સમીર પંડયા દ્વારા કોલેજના એનએસએસ યુનિટની સિધ્ધિઓ ઉજાગર કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા ટીવાય બી.કોમ.એનએસએસ યુનિટના વિદ્યાર્થી હર્ષ ભડાણીયા અને ટીમને આચાર્ય ડૉ.વિજ્ઞાન ઓઝાનું સૂચન-માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

શિક્ષણ ખાતાના વહીવટી કર્મચારીઓનો નિવૃત્તિ સન્માન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૨

પાટનગરના જુના સચિવાલય ખાતેની ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી અને તેની સંલગ્ન કચેરીઓના ત્રીજા વર્ગના મીનીસ્ટેરીયલ કર્મચારીઓના મંડળની ગાંધીનગરની "સત્કાર સમિતિ" દ્વારા જાન્યુઆરી-૨૦૧૯થી ડીસેમ્બર-૨૦૨૧ સુધી નિવૃત્ત થયેલ વહીવટી સંવર્ગ વર્ગ-૩ના ૪૫ કર્મચારીઓને સન્માનવાનો કાર્યક્રમ આજે તા.૨૨મી ડિસેમ્બરને બુધવાર રોજ શહેરના સેક્ટર-૭માં અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત કોલેજોના કેમ્પસ ખાતેના માતૃશ્રી જોઈતીબા કોમ્યુનીટી હોલમાં યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના પ્રારંભે કોરોના મહામારીમાં અકાળે અવસાન પામેલા દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તે માટે બે મિનિટ મૌન પાળીને શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી ત્યાર બાદ ડી. વી. જોષીએ પ્રાર્થના રજૂ કરી હતી.

સત્કાર સમિતિ દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો

શાળાઓની કચેરીના કમિશનર એચ. એન. ચાવડા, સંયુક્ત શિક્ષણ નિયામક એસ. જી. ટાપરીયા, સંયુક્ત નિયામક (હિસાબ) યશવંતભાઈ પટેલ, નાયબ શિક્ષણ નિયામક અશોકભાઈ એન. ચૌધરી, મદદનીશ નિયામક તથા વર્ગ-૨ના અધિકારી ચેતનભાઈ પટેલ, નિમેશભાઈ પટેલ, સ્વાતિબા રાઓલ, કૃપાબેન ઝા, યામિનીબેન પટેલ, રેહાનાબેન મનસુરી, અમરસિંહ ઝાલા, એસ. જી. ચૌધરી તથા અખિલ આંજણા કેળવણી મંડળના યશવંતભાઈ ચૌધરી તેમજ મંડળના હોદ્દેદારો પ્રમુખ નાગજીભાઈ વી. ચૌધરી, મહામંત્રી પંકજકુમાર પટેલ, ઉપપ્રમુખ ગીતાબા ચૌહાણ, ખજાનચી એમ. ડી. પટેલ, સંગઠનમંત્રી રાજવીરસિંહ રાઓલ, મહિલા પ્રતિનિધિ અનિલાબેન જોષી, સહમંત્રી સુરેશભાઈ ગામેતી, કલ્પનાબેન વસાવા, નરેન્દ્રભાઈ પરમાર, મહેન્દ્રભાઈ પરમાર અને કારોબારી સભ્ય ભવાનભાઈ પટેલ, આનંદ ચૌધરી, મેહુલ ચાવડા તેમજ મંડળના સલાહકારો જી. કે. પરમાર, હરેશ ચાવડા, રમેશ જોષી તેમજ મંડળના સભ્ય એ. ડી. વારૈયા, કનુભાઈ પ્રજાપતિ, ડીમ્પલભાઈ લેઉવા વગેરેનું શાલ અને બુકેથી સ્વાગત કરવામાં આવ્યું હતું ત્યારબાદ મંડળના પ્રમુખ નાગજીભાઈ ચૌધરીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. કાર્યક્રમમાં શિક્ષણ ખાતાની ગાંધીનગર સ્થિત જુદી-જુદી કચેરીઓમાંથી વય-નિવૃત્ત થયેલ ૪૫ જેટલા વહીવટી કર્મચારીઓને શ્રીફળ, સાકરનો પડો, મોમેન્ટો તથા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.

રીવરફ્રન્ટ ખાતે હેર સ્ટાઈલ કટીંગનો વર્લ્ડ રેકોર્ડ સર્જાયો

ગાંધીનગર, તા.૨૨

બ્રહ્માણી ઈવેન્ટ પ્રા.લિ. દ્વારા રીવર ફ્રન્ટ, અમદાવાદ ખાતે તા. ૨૦/૧૨/૨૦૨૧ના રોજ બ્યુટી સલૂન એક્સપો, ૨૦૨૧ ગુજરાતના શ્રમ અને રોજગાર, પંચાયતો, ગ્રામિણ વિકાસ અને ગ્રામિણ આવાસ મંત્રીશ્રી બ્રિજેશ મેરજા દ્વારા ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

આ પ્રસંગે હેર કટીંગ ઓન લાઈન-ઓફ લાઈન ૧૦૫૦ લોકોએ રજીસ્ટ્રેશન કરાવી સાંજે ૫:૨૦ થી ૬:૦૦ કલાકમાં હેર કટીંગ, હેર સ્ટાઈલ બનાવી વર્લ્ડ રેકોર્ડ સર્જયો હતો. વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ, લંડન દ્વારા પ્રોવિઝનલ સર્ટીફીકેટ ગુજરાતનાં અધ્યક્ષ એડવોકેટ અશ્વિન ત્રિવેદી તથા નેશલન સેક્રેટરી તીથી ભલ્લા દ્વારા આયોજક જશવંત બામનીયાને એનાયત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતિથી તરીકે રાકેશ પાઠક, ધિરેન શુક્લ તથા હિરેન ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા. વર્લ્ડ બુક ઓફ રેકોર્ડના અધ્યક્ષ સંતોષ શુક્લા તથા વીલીયમ ઝેચલરે આયોજકો તથા ભાગ લેનાર દરેકને શુભેચ્છા પાઠવી હતી.

ટચૂકડી જાહેર ખબર
બંગલો વેચવાનો છે
PDPU Road, Raysan
Mo. 94216 75446
Mo. 98250 16710